Ph. : 0281-2587144 ccdcsauuni@yahoo.co.in

**Career Counselling & Development Centre**
**Saurashtra University, Rajkot.**

CCDC

CCDC Building,Ground Floor, B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot - 360 005

Re-Accredited
Grade **A** by NAAC

Dr. N.A. SHAH
Co-Ordinator

Ref.: ----
Date: 11-09-2019

---

# <u>પ્રેસનોટ</u>

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સીસીડીસી) દ્વારા તા. ૨૪–૦૯–૨૦૧૯ થી જી.પી.એસ.સી. નાયબ સેક્શન અધિકારી તથા નાયબ મામલતદાર વર્ગ–૩ નાં ૧૫૪ જગ્યાઓ માટેના પ્રિલીમ્સનાં કોચીંગ વર્ગોનું આયોજન.....

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સીસીડીસી મારફત જુદી – જુદી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની સચોટ તાલીમ અને તજજ્ઞ નિષ્ણાંતોના માધ્યમથી કરવામાં આવે છે. જેના કારણે સૌરાષ્ટ્ર વિસ્તારના અનેક છાત્રોને સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન સાકાર થયેલ છે. સીસીડીસીના તાલીમ વર્ગોમાં દરરોજ સીલેકટેડ ટોપીક ઉપર માર્ગદર્શન, સ્વચકાસણી સ્વરૂપ એમ.સી.કયુ. પરીક્ષા, જ્ઞાનના સાગર રૂપી ઈનહાઉસ લાયબ્રેરી તથા પરીક્ષામાં સફળતા મેળવે તે પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી અને કુલસચિવશ્રીના સફળ માર્ગદર્શન હેઠળ ટીમ સીસીડીસી મારફત અનેક સફળતાપૂર્વક કાર્યક્રમ અને તેના ફળ સ્વરૂપ દરેક પરીક્ષામાં છાત્રો મારફત ઝળહળતી સફળતા મેળવી સીસીડીસીના તાલીમ વર્ગોને અને કાર્યશાળાઓના આયોજનને બિરદાવેલ છે. હાલ જી.પી.એસ.સી. દ્વારા નાયબ સેક્શન અધિકારી, વર્ગ–૩ અને નાયબ મામલતદાર, વર્ગ–૩ માટે કુલ **૧૫૪** ની ભરતી કરવામાં આવનાર છે. ભરતીની જાહેરાતનાં અનુસંધાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સી.સી.ડી.સી.નાં દ્વારા **તા. ૨૪–૦૯–૨૦૧૯ ને મંગળવારથી** પ્રિલીમ્સના તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ વર્ગમાં જી.પી.એસ.સી. નાયબ સેક્શન અધિકારી, વર્ગ–૩ અને નાયબ મામલતદાર, વર્ગ–૩ ની જગ્યાઓ માટેના પ્રાથમિક અભ્યાસક્રમ મુજબ ભારતનો ઈતિહાસ, સાંસ્કૃતિક વારસો, ભારતીય બંધારણ, ભૂગોળ, ભારતીય અર્થતંત્ર અને આયોજન, પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાન્ય બૌદ્ધિક ક્ષમતા વગેરેની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારો **તા. ૨૦–૦૯–૨૦૧૯ સુધીમાં** ગ્રાઉન્ડ ફલોર, સી.સી.ડી.સી. બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, જી.પી.એસ.સી.નું ઓનલાઈન ભરેલ એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી.પ્રુફ અને લીવીંગ સર્ટીફિકેટ સાથે લાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.

પ્રતિ
તંત્રીશ્રી ,
ઉપરોક્ત માહિતિ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિધ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી